# એમ.એ.સી.એમ.એ.નંબર :૩૧૭/૨૦૨૫ ના આંક : ૧ લગત હુકમ

અરજદાર તર્ફે વિ.વ.શ્રી એસ.આર.શર્માને સાંભળ્યા. અરજી વંચાણે લીધી. અરજદારની અરજી જોતા સદર કામે અરજદારે **એમ.એ.સી.પી.નં.૬૧/૨૦૧૫** થી દાખલ કરતા સદરહુ કેસ **તા.૩૦/૦૯/૨૦૨૫** ના રોજ ફેસલ થયેલ છે.સામાવાળા તરફથી હુકમ મુજબ **રૂા.૧૬,૬૫,૫૧૬/–**જમા કરાવેલ છે. સામાવાળાઓ તર્ફે વિ.વ.શ્રી એન.આર.ભાવસાર તથા એ.પી.સટ્ટાનાઓએ સદરહું રકમ અરજદારને ચુકવવામાં આવે તો વાંધો નથી તેવો શેરો અરજી ઉપર કરી આપેલ છે તથા અત્રેની કચેરીના નાઝરશ્રીનાઓએ સદર રકમ સામાવાળા તરફથી અત્રેની ટ્રીબ્યુનલમાં જમા થયા અંગેનો શેરો (પણ કરેલ છે તેમજ રીટ રજીસ્ટર જોતા નામ. ગુજ. હાઈકોર્ટ, અમદાવાદથી રીટ આવેલ નથી તેવો શેરો રીટ ટેબલેથી સુપ્રિટેન્ડેન્ટશ્રીએ કરેલ છે.**એમ.એ.સી.પી.નં.૬૧/૨૦૧૫** ના આખરી હુકમ મુજબ **અરજદાર નં.૧ ને ૫૫%,અરજદાર નં.૨ ને ૧૫%,અરજદાર નં.૩ ને ૧૫% અને અરજદાર નં.૪ ને ૧૫%** ના હીસ્સે સદરહું જમા થયેલ રકમ મેળવવા માટે હકકદાર છે. જેથી **અરજદાર નં.૧ થી ૪** ને તેમના હિસ્સે આવતી રકમમાંથી **૭૦% રકમની ૫ વર્ષ માટે એફ.ડી.અને ૩૦% રકમ એકાઉન્ટ પે ચેકથી ચુકવવાનો હુકમ કરેલ છે.** તેથી સદરહું અરજી મંજુર કરતો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## હુકમ

- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે,**એમ.એ.સી.પી.નં.૬૧/૨૦૧૫ થી દાખલ કરતા સદરહુ કેસ તા.૩૦/૦૯/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ મુજબ અરજદારને સામાવાળા તરફથી જમા થયેલ રકમ રૂા.૧૬,૬૫,૫૧૬/–** માંથી કોર્ટ ફી સ્ટેમ્પની રકમ જો કાપવા પાત્ર હોય તો કોર્ટ ફી સ્ટેમ્પ ની રકમ બાદ કરી **એમ.એ.સી.પી.નં. ૬૧/૨૦૧૫** ના કામે થયેલ હુકમ મુજબ બાકી રહેતી રકમ ચુકવી આપવી.

હુકમ આજરોજ તા. ૨૩ મી , માહે એપ્રિલ , ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

**(નાસીર સૈયદઉલ્લાહ સિદ્દીકી)**
એમ.એ.સી.ટી. (સહાયક)
એડી. ડીસ્ટ્રીકટ જજ, વિસનગર
જિ. મહેસાણા, કોડ નંબર : જીજે૦૦૬૫૦